# ફળ અને શાકભાજીમાં મૂલ્યવર્ધન વિષય ઉપર ત્રણ દિવસીય તાલીમવર્ગ યોજાયો



દે.બારિયા. દેવગઢ બારિયા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર અને ફૂડ પ્રોસેસિંગ ટેક્નોલોજી એન્ડ બાયો એનર્જી વિદ્યાશાખા, આ.કૃ.યુ આણંદના સંયુક્ત ઉપક્રમે ફળ અને શાકભાજીમાં મૂલ્યવર્ધન વિષય ઉપર ત્રણ દિવસીય તાલીમવર્ગ યોજાયો હતો. તાલીમ ની શરૂઆતમાં કેન્દ્રના વડા ડૉ.વાય.બી. ચૌહાણ દ્વારા કેન્દ્રની સંશોધન તેમજ વિસ્તરણની વિવિધ પ્રવૃતિઓ વિશે મહિલા ખેડૂતોને માહિતગાર કર્યા હતાં. આ ત્રણ દિવસીય તાલીમ વર્ગમાં કાર્યક્રમની રૂપરેખા મુજબ વિષય નિષ્ણાતો દ્વારા ફળ અને શાકભાજીમાં મૂલ્યવર્ધનનાં જુદાં જુદાં વિષયો ઉપર મહિલાઓને માર્ગદર્શન આપ્યું હતું.